### ડીસામાં કે.વાય.સી. ફોર્મ ભરવામાં વિલંબ કરનાર

# ગ્રાહકોને ગેસ એજન્સીએ અન્યાયી રીતે નોન સબસીડીરાઈઝડ કેટેગરીમાં મુકતાં ભારે રોષ

## પ્લાન્ટ મેનેજર, સહીત અન્ય સબંધીત તંત્ર સમક્ષ ન્યાય માટે ડીસા નાયબ પુરવઠા મામલતદાર સમક્ષ ફરીયાદ

ડીસા, તા. ૭

ડીસામાં તાજેતરમાં સબ સીડી રાઈઝડ ઘર વપરાસ ગેસ કનેક્શન ધરાવતા અંદાજીત ૩૦૦ જેટલા ગ્રાહકો કોઈ કારણોસર ગેસ કંપની દ્વારા તાજેતરમાં દસ્તાવેજી પુરાવા તરીકે બહાર પાડેલ કે.વાય.સી. ફોર્મ નિયત મુદ્દતમાં રજુ ન કરી શક્યા હતાં. ગ્રાહકોની ફોર્મ રજુ કરવાની વિલંબતા જેવી સામાન્ય ભુલને ગેસ કંપની દ્વારા ગંભીર અપરાધ ગણાયો હતો. અને નિયત મુદ્દતે ફોર્મ રજુ કરવામાં રહી ગયેલા ગ્રાહકોના સબ સીડી રાઈઝડ ગેસ કનેક્શનોને ન્યાયના સીધ્ધાંતોથી વિપરીત નોન સબ સીડી રાઈઝડ ડોમેસ્ટીક કેટેગરીમાં મુકી દેવાતાં આવા ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. દેશ ભરમાં ગેસ કંપનીના આ મનસ્વી નિર્ણથી ગુજરાત સહીત દેશ ભરમાં અનેક ગ્રાહકોને કરોડોનું પ્રતિ વર્ષ માત્ર ફોર્મ રજુ કરવાની વિલંબીતતાએ દંડાવું પડે તેવી સ્થીતી સર્જાતા ગ્રાહકોમાં રોષ જોવા મળેલ છે. આ મામલે ડીસાના નાયબ પુરવઠા મામલતદાર સમક્ષ પીડીત ગ્રાહકે ફરીયાદ નોંધી ન્યાયની માંગણી કરેલ છે.

આ અંગેની મળતી વિગતો જોતા હિંન્દુસ્તાન પેટ્રોલીયમના કંપની લી. દ્વારા તાજેતરમાં બોગસ ગ્રાહકો અટકાવવાનાં ઈરાદાએ સબંધીત એજન્સીઓ મારફતે તેમના ગ્રાહકોના કે.વાય.સી. ફોર્મ દસ્તાવેજી પુરાવા તરીકે મંગાવ્યા હતાં. જેમાં ડીસાની રીંન્કુ ગેસ એજન્સી દ્વારા આ ફોર્મ ગ્રાહકોએ રજુ કર્યા હતાં. ગેસ કંપની દ્વારા આ ફોર્મ માટે તઘલખી નિર્ણય લઈ આ ફોર્મ રજુ કરવાની ડેડ લાઈન ૩૧ ડીસેમ્બર ૨૦૧૨ રખાઈ હતી. જેમાં કોઈ કારણોસર અંદાજીત ૩૦૦ જેટલા ગ્રાહકો આ ફોર્મ નિયત મુદ્દતે રજુ કરી શક્યા ન હતાં. જોકે માત્ર આટલી ભુલ ગ્રાહકો માટે મોટો અપરાધ માની કંપનીએ ગ્રાહકોના વિલંબીત રજુ કરેલ ફોર્મ સ્વીકાર્યા ન હતાં. અને આ તમામ ગ્રાહકોને નોન સબ સીડી રાઈઝડ ડોમેસ્ટીક કેટેગરીમાં મુકી દીધા હતાં. કાયદાના સીધ્ધાંતો જોતા ગ્રાહકોની આ સામાન્ય ભુલ માટે લેટ-ફી વસુલી શકાયી હોત પરંતુ કંપનીએ હીટલર સાહી નિર્ણયથી પુરતા પુરાવા ધરાવતાં અને સબ સીડી રાઈઝડ ગ્રાહકો માટે યોગ્ય દસ્તાવેજી પાત્રતા ધરાવતા ગ્રાહકોને દંડયા હતાં. સામાન્ય રીતે સબ સીડી રાઈઝડ બોટલની કિંમત અંદાજીત ૪૦૫ નિયત કરાયેલ છે. જોકે તેની જગ્યાએ વિલંબીત ગ્રાહકોને રૂા. ૧૨૧૭/- આપવાનું ગેસ કંપની દ્વારા ફરમાન કરાયેલ છે. સરકારે પણ ગેસ કંપનીઓને રીવેલીડેશન "ાસેશ કરવા માટે યોગ્ય હુકમ ન કરેલ હોઈ બે ફામ બનેલ ગેસ કંપનીઓ દ્વારા મનસ્વી નિર્ણયો લેતાં ગ્રાહકોને સોષાવાનો વારો આવેલ છે. આ મામલે કે.વાય.સી. ફોર્મ રીન્કુ ગેસ એજન્સી ખાતે વિલંબે રજુ કરતાં તે સ્વીકારાયું ન હતું. જેથી પોતાના હોય અને ન્યાય માટે પીડીત ગ્રાહક શાંન્તાબેન રામલાલ પરમારે ડીસાના નાયબ પુરવઠા મામલતદાર એ.જે. પારઘી સમક્ષ વિગતે અરજી કરી આ મામલે તપાસ કરવાની માંગ કરેલ છે. જ્યારે બીજી તરફ ડીસા પંથકમાં અંદાજીત ૩૦૦ જેટલા ગ્રાહકોમાં કંપનીના આ અન્યાયી નિર્ણયથી રોષ જોવ મળેલ છે. સરકાર આ મામલે ગેસ કંપનીને રીવેલીડેશન માટે યોગ્ય હુકમ કરે તેવી પીડીત ગ્રાહકોની માંગ છે.

# ડીસા પંથકમાં અનુકૂળ વાતાવરણથી બટાકાનું વિક્રમી ઉત્પાદન

ડીસા. તા. ૭

બટાકાના ઉત્પાદનમાં દેશભરમાં ખ્યાતિ પામેલ ડીસા પંથકમાં હવે વાતાવરણ અનુકૂળ રહેતા ગત વર્ષની માફક ચાલુ વર્ષે પણ બટાકાનું બમ્પર ઉત્પાદન નિકળવાની શક્યતાઓ વધી ગઈ છે. ચાલુ વર્ષ ડીસા વાતાવરણ પાકને ખુબજ અનુકૂળ રહેતાં બટાકાના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થવાની આશા વ્યક્ત કરી છે.

ડીસા પંથકની જમીન બટાકાના વાવેતરને ખુબજ અનુકૂળ છે. અહી ધુમ્મસ કે રોગચાળાની



પંથકમાં ૩૫ હજારથી હેકટર જમીનમાં બટાકાનું વાવેતર થવા પામ્યું છે. બટાકા કાઢવાની શરૂઆતે ભાવો સારા છે. અને ભાવો જળવાઈ રહે તેવો ખેડુતો આશાવાદ સેવતાં ખેડુતોએ હરખભેર પોતાના ખેતરોમાંથી બટાકાનો પાક કાઢવાનું શરૂ કર્યું છે.

બટાકાના હબ ગણાતા ડીસા પંથકમાં ગત વર્ષે વાતાવરણ અનુકૂળ રહેતા બટાકાનું બમ્પર ઉત્પાદન થવા પામ્યું હતું. જેમાં શરૂઆતમાં ખેડુતોને ભાવ મળ્યા હતાં. પરંતુ ઓગષ્ટ માસ બાદ બટાકાના ભાવ ધીરે-ધીરે તળીએ જતાં કોલ્ડ સ્ટોરેજોમાં બટાકા સંગ્રહ કરેલ ખેડુતો તેમજ વેપારીઓને ભારે નુકશાન વેઠવાનો તેમજ બટાકાના લેવાલ ને હોવાથી બટાકા રોડ પર ફેંકવાનો વારો આવ્યો હતો. જોકે તેમ છતાં ચાલુ વર્ષે બટાકાના વાવેતરમાં વધારો થતા આશરે ૩૫ હજાર હેકટર જમીનમાં વાવેતર થવા પામ્યું હતું. ત્યારે બટાકાનો પાક હવે તૈયાર થઈ ગયો છે. અને શક્યતા ઓછી રહે છે. દેશમાં બટાકાની ખેતી કરતા રાજ્યોમાં ઉત્પાદનની દ્રષ્ટીએ ડીસા પ્રથમ ક્રમાંકે છે. ડીસામાં ખેડુતો આધુનિક પધ્ધતિ અપનાવતાં હોવાથી પ્રતિ હેક્ટર ૩૦ થી ૪૦ ટન ઉત્પાદન મેળવે છે. જે અન્ય કરતાં આશરે ૧૦ ટન વધુ છે.

ડીસા વિસ્તારમાં બટાકાનું ચાલુ વર્ષે વ્યાપક વાવેતર થયું તેની બટાકા સંગ્રહ કરવાની ક્ષમતા વધી છે. ગત વર્ષે કરતાં કોલ્ડ સ્ટોરેજોની સંખ્યા વધતાં હવે ૧૦૦ ઉપરાંત કોલ્ડ સ્ટોરેજોમાં ૧.૬૦ કરોડ કટ્ટા સંગ્રહ કરવાની ક્ષમતા થતાં ખેડુતોને વર્ષભર સારા ભાવ મળી રહેશે. તેવું વેપારી આલમ જણાવી રહી છે.

હાલમાં ડુંગળીના ભાવ વધારાની દેશભરમાં માથાકુટ ચાલી રહી છે. ત્યારે શાકભાજીના રાજા ગમાતાં બટાકાનો નવો પાક બજારમાં આવતાં તે ડુંગળીના ભાવોને પણ અસર કરશે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## જૈન જાગૃતિ સેન્ટરના દેશ વિદેશમાં પથરાયેલા ૧૫૩ સેન્ટરોમાં એક સાથે મેગા રક્તદાન શિબિર

ડીસા તા. ૭

જૈન જાગૃતિ સેન્ટર એટલે પરસ્પર સહકારથી સ્નેહ સંસ્કાર સેવા અને સંસ્કૃતિની સુવાસ ફેલાવતી જૈન સમાજના ચાર ફીરકા સાથે રાખી ચાલતી સંસ્થાના ૧૫૩ સેન્ટરો દેશ વિદેશમાં પથરાયેલા છે. સંસ્થા પુર્વ ચેરમેન જીતેન્દ્રભાઈ કોઠારીએ ૧૫૦વાર રક્તદાન કરી એક રેકોર્ડ સર્જયો છે. અને તા. ૧૦-૨-૨૦૧૩ રવિવારે ૧૫૧ મી વાર રક્તદાન કરશે. ત્યારે સંસ્થાના તમામ સેન્ટરો દ્વારા આ નિમિતે મેગા રક્તદાન શીબીરોનું આયોજન કરવામાં આવેલ છે.

ડીસા જૈન જાગૃતિ સેન્ટર દ્વારા ડીસા સરકારી દવાખાના પાસે જે.જે.સી. સ્તંભ પાસે રવિવાર તા. ૧૦-૨-૨૦૧૩ના રોજ એક મેગા રક્તદાન શીબીરનું આયોજન કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા અનેક સેવાકીય કાર્યો સમાજ લક્ષી કાર્યોના આયોજનો થાય છે. તો આ રક્તદાન શીબીરને સફળ બનાવવા સંસ્થા સદસ્યો દ્વારા ડીસાના નગરજનોને પણ આ એક સેવાકીય રક્તદાન કરી આપનો સાથ સહકાર આપવા સંસ્થાના પ્રમુખ- પંકજ શાહ, ઉપપ્રમુખ-પ્રકાશભાઈ કોઠારી, મંત્રી કેતન ઝાલમોરા તથા કમીટી અને સંસ્થા સદસ્યો દ્વારા અપીલ કરવામાં આવે છે. આપે કરેલ રક્તદાન કોઈના માટે જીવનદાન બની શકે છે. રક્તદાન ૧૮ થી ૬૫ વર્ષની વયના અને ૪૫ કીલો ઉપરાંત વજન ધરાવતા વ્યક્તિ વર્ષમાં ચાર વાર રક્તદાન કરી શકે છે.



## ડીસા પંથકમાં વાદળા વિખેરાતા પવનના સુસવાટા શરૂ : લોકો કાતીલ ઠંડીની લપેટમાં

ડીસા સહીત સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં ગત રોજ વાતાવરણમાં આવેલા ફેરફાર સાથે આકાશ દિવસભર વાદળાથી છવાયેલું રહ્યુ હતુ. જોકે મંગળવારે વાદળા વિખેરાતાજ દીવસભર ઠંડો પવન શરૂ થઈ જતા લોકો ઠંડીમાં ઠૂંઠવાયા હતા. અને ફરી જેકેટો અને ચાદરનો સહારો લેવો પડ્યો હતો. બનાસકાંઠા જીલ્લા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ધીરેધીરે ઠંડીમાં ઘટાડો સાથે તાપમાન નો પારો પ્રતીદીન ચડતો જતો હતો. દીવસમાં પણ લાંબો થવાની સાથે બપોરે ગરમીનો અહેસાસ થતો હતો. એટલે લોકોએ ગરમ કપડાં અને ચાદર આપતા વર્ષના વાયદે મુકી દીધી હતી. પરંતુ રવીવારે રાત્રે ૧૨ કલાક ના સુમારે એકા એક પવનની બહેર શરૂ થઈ હતી તે સાથેજ ધીરેધીરે આકાશમાં વાદળ ઘેરાવા લાગ્યા. અને દિવસ સુધીમાંતો આખુ આકાશ વાદળોથી છવાઈ ગયુ હતુ. જેના કારણે ખેડુતોમાં ચીંતાના વાદળ છવાઈ ગયા હતા. જ્યારે મંગળવારે વાદળ વિખેરાતાજ પવન શરૂ થતા લોકોને ઠંડીમાં ઠુંઠવાવુ પડ્યુ હતુ. જોકે વાદળ વીખેરાતાજ પવનની તેજ ગતી સાથે વાતાવરણમાં ઠંડી પ્રસરતા ખેડુતોએ હાશકારો અનભવ્યો હતો. તો બીજી તરફ સોમવારે સાંજે જીલ્લાના સરહદી થરાદ અને વાવ પંથકમાં કાતીલ ઠંડીના ચમકારા વચ્ચે કમોસમી વરસાદ ખાબકતા ખેડુતોને મોટુ નુકશાન થવા પામ્યુ છે. (કાન્તિ પ્રજાપતિ)

## ઊંઝામાં માર્ગ પર આડેધડ રીતે પાર્ક થતા વાહનોથી ટ્રાફિકની સમસ્યા વિકટ બની

ઊંઝા, તા.૭

ઊંઝા શહેરમાં આવેલ મુખ્ય ગૌરવપથ પર રસ્તાની બંને બાજુઓ પર નાના વાહનો આડેધડ રીતે પાર્ક થતા હોઈ ટ્રાફિકની વિકટ સમસ્યા પેદા થઈ છે.

શહેરમાં ગાંધીચોકથી સરદાર ચોક અને હાઈવે તરફથી રેલવે ફાટક સુધી દ્વિમાર્ગી જાહેર રસ્તાની બંને બાજુએ છેલ્લા ઘણા વખતથી દ્વિ-ચક્રી સહિત અન્ય નાના વાહનો આડેધડ રીતે ગેરકાયદેસર પાર્ક થાય છે. જેમાં રાહદારીઓ માટેની ફુટપાથ પર વાહનોનો મોટો ખડકલો થાય છે. પરિણામે રાહદારીઓને અવર જવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. ગેરકાયદે પાર્કિંગ અને રસ્તા પરની અડચણો હટાવવામાં લાગતા વળગતા તંત્રોની નિષ્ફળતાને કારણે શહેરની ટ્રાફિક વ્યવસ્થાના નામે મીડું મૂકાઈ ગયુંછે

પોલીસની સેકન્ડ મોબાઈલવાન ૨૪ કલાક શહેરમાં પેટ્રોલીંગના નામે ફરે છે. આ ઉપરાંત ટાઉનની જવાબદારી સંભાળતા પોલીસ હેડ કોન્સ્ટેબલોને ટ્રાફિકની સર્જાતી વિકટ સમસ્યાને હલ કરવા માટે રાઉન્ડ મારવાની પણ કંઈજ પડી નથી. આથી જાહેર રસ્તાની બંને બાજુએ વાહન ચાલકો આડેધડ વાહનો પાર્ક કરી આમતેમ ટહેલ મારતા હોય છે. શહેરના મુખ્ય જાહેર માર્ગની બંને બાજુ વેપારધંધાની જુદી જુદી દુકાનો આવેલ છે. જે પૈકી કેટલાક દુકાનદારો દુકાનની આગળ ફુટપાથની જગ્યામાં દબાણો કરીને ટ્રાફિકની સમસ્યાને વધુ વકરાવે છે.

## પાલનપુરમાં થેરાપીની સારવાર હેઠળ લેભાગુ તત્ત્વો સામે રહેમ નજર

પાલનપુરના ગંજ બજારમાં કેટલાક સમયથી થેરાપી આપવાનો ધંધો ચાલે છે. લેભાગુ કંપનીઓનાં બિન આવડત, તબીબી વિભાગની માહિતી ન હોવા છતાં, આરોગ્ય સામે ખેલ ખેલી રહ્યાં છે.

ગરીબ મજબૂર ઘરની છોકરીઓને પૈસાની મજબૂરીમાં મોડી રાત સુધી કામ કરાવે છે. યુવાન છોકરીઓને મિટીગનાં બહાને બહાર લઈ જવામાં આવે છે. થેરાપી વળગણ લગાડનાર - નોન મેડિકલ તત્વોને શબક શીખવાડવાની પાલનપુર જાગૃત નાગરિકોની માગણી ઊઠે છે. પાલનપુરના તમામ સત્તાધીશોને જાગૃત નાગરિકોએ જાણ કરેલ છે. પરંતુ કોઈ કાર્યવાહી થતી નથી. પરિણામે ઉગ્ર આંદોલન થવાના ભણકારા જણાય છે.



## ડીસામાં આઝાદ યંગ ગ્રૂપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ડીસામાં આજરોજ સ્થપાયેલ આઝાદ યંગ ગ્રૂપ દ્વારા બગીચા પાસે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં વેપારીઓ, વકીલો, તબીબો તેમજ યુવાનોએ રક્તદાન કરી સહકાર આપ્યો હતો. જેમાં ૩૫ જેટલી બોટલો એકત્રીત થવા પામી હતી. આ કેમ્પમાં એક દર્દીને ઈમરજન્સીમાં એક બોટલ બ્લડ પુરૂ પડાયુ હતુ. શિક્ષણ, સેવા અને પ્રવૃત્તિ ના હેતુ સાથે રચાયેલ આ ગ્રૂપ દ્વારા પ્રથમ દિવસે શહેરના પાલનપુર હાઈવે પર બીમાર હાલતમાં પડેલ એક વૃદ્ધાને સારવાર માટે ખસેડાઈ હતી. સંસ્થાના પ્રમુખ અનિલ ઠાકોર, મંત્રી યોગેશભાઈ ઠક્કર અને ખજાનચી હર્ષદ શ્રીમાળી તેમજ અન્ય મિત્રોએ સારી કામગીરી બજાવી હતી. આ ગ્રૂપની રચના મુકેશ જાડેજા દ્વારા કરવામાં આવી હતી. (કાન્તિ પ્રજાપતિ)

## ભાવપુર ગામની પરણીતાની આબરૂ લેવાનો પ્રયાસ કરતા ત્રણ શખ્સો સામે ફરિયાદ

### યુવતીના પતિને ઢોર માર મારી ત્રણેય શખ્સો ફરાર

હિંમતનગર, તા.૭

હિંમતનગર તાલુકાના ભાવપુર ગામા એક ઈસમે તેના બે સાગરીતો સાથે ભેગા મળી ગામની જ એક પરણીતાના એકલતાનો લાભ લઈ આબરૂ લેવાની કોશીશ કરી તેમજ તેના પતિને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ અંગે ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના ભાવપુર ગામે ગત રોજ સાંજના ૮.૩૦ કલાકના સુમારે ગામના એક ઈસમ બાબુસિંહ ગોપાલસિંહ ઠાકરડાએ તેના બે સાગરિતો દેવુસિંહ બાબુસિંહ ઠાકરડા તેમજ અન્ય એક વ્યકિતની સાથે મળી ગામની જ એક પરણીતાની એકલતાનો લાભ લઈ તેની આબરૂ લેવાનો પ્રયાસ કરી પરણીતાના પતિને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી આ ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતા. આ મામલે પરણીતા યુવતીની ફરિયાદને આધારે ગાંભોઈ પોલિસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



ગુજરાત સરકાર દ્વારા ખેલ મહાકુંભ અંતર્ગત રાજયકક્ષાની બહેનોની કબડ્ડીની સેમી ફાયનલ સ્પર્ધા સમી ખાતે એ.પી.એમ.સી.ના મેદાન પર તા. ૦૩/૦૨/૨૦૧૩ થી તા. ૦૬/૦૨/૨૦૧૩ દરમ્યાન યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં રાજયભરમાંથી અંન્ડર-૧૬ બહેનોની ૩૦ ટીમો અને ઓવર-૧૬ બહેનોની ૩૦ ટીમોઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નોડલ અધિકારીશ્રી અશોક દેશપાંડે, કબડ્ડી કોચ અને સહાયક નોડલ અધિકારીશ્રી કિરણભાઈ પટેલે સેવાઓ આપી હતી. આ સ્પર્ધાના ખેલાડીઓને જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા રહેવા-જમવાની સારી સુવિધા પુરી પાડવામાં આવી હતી.







